સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/-



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજીત
કીર્તન સંગીત – લોકસાહિત્ય – સંતવાણી – હાસ્ય
તથા ગૌરવવંતા ગુજરાતની સામાજીક પ્રતિભાઓનો
**રત્નાકર**
**સન્માન સમારોહ**
***** ભાવનગર *****

ભાવનગર શહેરને આંગણે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠસ્થાન દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં તથા પૂ. સંતો-હરિભક્તોની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયેલ **કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય** તથા ગૌરવવંતા ગુજરાતની **સામાજિક પ્રતિભા**નો પાંચમો **'રત્નાકર સન્માન સમારોહ'** (તા. ૧૩-૧-૧૮)












# પંચમ રત્નાકર સન્માન સમારોહ – વડોદરા




ભાવનગર શહેરને આંગણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠસ્થાન દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં તથા પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય તથા ગૌરવવંતા ગુજરાતની સામાજિક પ્રતિભાનો પાંચમો 'રત્નાકર સન્માન સમારોહ' (તા. ૧૩-૧-૧૮)

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે રત્નાકર પુરસ્કારથી સન્માનનિત : ૧. અ.નિ. શ્રી ચંદુભાઈ રાઠોડ વતી દિપ ચુડાસમા (કીર્તનસંગીત) ૨. શ્રી નારાયણ ઠાકર (સંતવાણી) ૩. શ્રી હરેશદાન ગઢવી (લોકસાહિત્ય) ૪. શ્રી પાર્થિવ ગોહિલ (પાર્શ્વગાયક) ૫. શ્રી સુખદેવ ધામેલીયા (હાસ્ય) ૬. શ્રી સંજય ગોરડીયા (નાટ્ય અભિનય) ૭. શ્રી જગદિશ ત્રિવેદી (હાસ્યલેખક) ૮. શ્રી બિહારીદાન હેમુ ગઢવી (લોકગીત) ૯. શ્રી અનુભા ગઢવી (કવિ) ૧૦. શ્રી મનોજ-વિમલ (સંગીત) ૧૧. શ્રી નરેન્દ્રભાઈ પંડ્યા (સંસ્કૃત) ૧૨. શ્રી ભગવતભાઈ શુકલ (કર્મકાંડ)



૧



૨



૩



૪



૫



૬



૭

૮

ભાવનગર શહેરને આંગણે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ** દેવ ગાદી **પીઠસ્થાન** દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **શ્રી આચાર્ય શ્રી** અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં  તથા પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ **કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય** તથા ગૌરવવંતા ગુજરાતની **સામાજિક પ્રતિભા**નો પાંચમો **'રત્નાકર સન્માન સમારોહ'** (તા. ૧૩-૧-૧૮)

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે રત્નાકર પુરસ્કારથી સન્માનનિત : ૧. શ્રી ભીખુ બાપુ (તબલાવાદક) ૨. શ્રી રાજુ કાવઠીયા (બેન્જોવાદક) ૩. શ્રી નાગજીભાઈ સરવૈયા (મંજીરાવાદક) ૪. શ્રી અરવિંદ ઠુંમર (ચિત્રકાર) ૫. શ્રી સુરેશ કણજારીયા (પ્રિન્ટવર્ક) ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા સંગીત-સાહિત્ય અને હાસ્યના કલાધરો. ૭. પ.પૂ. બાળલાલજી મહારાજશ્રીના જન્મોત્સવની ઉજવણી. ૮. પ.પૂ. બાળલાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ભાવથી ભેટતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

# પંચમ રત્નાકર સન્માન સમારોહ - વડોદરા


૧


૨


૩


૪


૫


૬


૭


૮


૯


૧૦



૧૧


૧૨

**ભાવનગર શહેરને આંગણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠસ્થાન દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં તથા પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ **કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય** તથા ગૌરવવંતા ગુજરાતની **સામાજિક પ્રતિભા**નો પાંચમો **'રત્નાકર સન્માન સમારોહ'** (તા. ૧૩-૧-૧૮)

૧. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત 'હરિસ્મૃતિ' ઓડિયોબુકનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સદ્‌ગુરુ સંતો તથા સંગીતકાર રવિ વ્યાસ. ૨. સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના છંદોની ઓડિયો સી.ડી. વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો અને પ્રકાશક શ્રી જોરુદાન ગઢવી. ૩. હાસ્યલેખક શ્રી જગદીશ ત્રિવેદીના પુત્ર મૌલિક દવે સંપાદિત બુકનું વિચોમન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૪. સમાજ રત્નાકરથી સન્માનનિત શ્રી માનવ પરિવાર ટ્રસ્ટ વતી શ્રી રાજેશભાઈ. ૫. ઉદ્યોગ રત્નાકરથી સન્માનનિત શ્રી સુરેશભાઈ લાખાણી (મારુતિ ઈમ્પેક્ષ). ૬. કાર્યક્રમ સંચાલક શ્રી હરદેવ આહિર (લોકસાહિત્ય-હાસ્યકાર) ૭. સભામંચમાં ઉપસ્થિત રત્નાકર પુરસ્કારથી સન્માનનિત કલાધરો. ૮. સ્વાગત નૃત્ય. ૯. સભામાં પૂ. સંતો સાથે બિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. રત્નાકર સમારોહના યજમાન શ્રી ન્યાલકરણ ગ્રુપ - વડોદરા. ૧૧. સભામાં પોતાની કળાઓને રજૂ કરતા કલાધરો. ૧૨. પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાજી સાથે સંગીત-સાહિત્ય અને હાસ્યના ઉપાસકોની સમૂહ તસ્વીર.




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥


# સ્વામિનારાયણ ચિંતન


**પ્રયોજક :** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**વર્ષ : ૫ । અંક : ૧૧**
**તારીખ : ૨૦ જાન્યુઆરી, ૨૦૧૮**



**અધ્યક્ષશ્રી**



**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય**
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ**

**ઉપાધ્યક્ષશ્રી**



**પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય**
**શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**



**પ્રસિદ્ધ કર્તા**
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

**પ્રકાશક – માલિક – તંત્રી**
સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક**
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર**
બે વર્ષ : રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : ***$ 200 U.S.A., £ 125 U.K.***


***સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.***


हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

**લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...**
**સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...**

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી<br>સમય : દરરોજ | સત્સંગ કથાપારાયણ<br>દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | સત્સંગ કથામૃત<br>દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |


## ગ્રહણ વિષે નોંધ

સં. ૨૦૭૪ મહા સુદ - ૧૫, તા. ૩૧-૧-૨૦૧૮ના દિને 'ચંદ્રગ્રહણ' છે. તેનો વેધ કેલેન્ડરમાં સામાન્યપણે ૮-૧૮થી એમ લખાયેલ છે. તેને સ્થાને દિવસ ઊગ્યાથી અર્થાત્ સવારે ૭-૦૦ કલાકે એમ જાણવું. તેમજ અષાઢ સુદ - ૧૫ના દિવસે 'ખગ્રાસ ચંદ્રગ્રહણ' છે તે પણ સમગ્ર ભારતમાં દેખાવાનું છે માટે પાળવાનું જ છે. તેનો વેધાદિ સમય 'નિર્ણય' વગેરેથી જાણી લેવો.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | રત્નાકર સન્માન સમારોહ – ૨૦૧૮ | ૦૬ |
| ૦૨ | 'રત્નાકર' પુરસ્કારથી સન્માનિત મહાનુભાવશ્રીઓ | ૦૮ |
| ૦૩ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૪ |



**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardharkatha.net www.swaminarayanvadtalgadi.org
chintankaryalay@gmail.com



**છબીકલા :**
**શિવલાલ સુદાણી – બારમણ મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦**
**નીતિન પી. વઢવાણા – મો. ૯૪૨૮૯ ૫૯૪૯૩**
**ધાર્મિક સુહાગીયા – મો. ૭૨૦૧૮૪૦૪૦૧**




**ભાવનગરને આંગણે કીર્તનસંગીત-સંતવાણી-લોકસાહિત્ય-હાસ્ય તથા ગૌરવવંતા ગુજરાતની સામાજિક પ્રતિભાઓનો દિવ્યતા અને ભવ્યતાથી સભર ઉજવાયો પાંચમો**

# રત્નાકર સન્માન સમારોહ - ૨૦૧૮

દરેક વ્યક્તિ જીવનમાં કંઈક કરી જવા ઈચ્છે છે. દરેકની આંખોમાં કેટલાય **સપનાઓ** પડ્યા છે. કોઈની ઈચ્છા **મહાન ગાયક** થવાની હોય છે, તો કોઈની **મહાન સાહિત્યકાર** થવાની. હૃદય દીન-દુઃખિયાઓની મદદ કરવા માટે આકુળ-વ્યાકુળ થતું હોય છે. તો કોઈ ગરીબ-વિદ્યાર્થીઓને ભણાવીને **ગાંધીના સપનાના ભારત**નું નિર્માણ કરવામાં પોતાની શક્તિનો સદુપયોગ કરવા ઝંખતા હોય છે. કોઈ નિરાધાર, વૃદ્ધો, ગરીબો, બ્રાહ્મણો, સંતો અને ગૌમાતાની **તનથી સેવા** કરીને પોતાના જીવનને ધન્ય બનાવવા ઈચ્છતા હોય છે તો કોઈ ધનથી સેવા કરીને પોતાના જીવનને ધન્ય બનાવવા ઈચ્છતા હોય છે. કોઈને **મહાન લેખક** બનીને મા-ભોમની ભાતીગળ સંસ્કૃતિનો પ્રચાર કરવો છે, તો કોઈને **કવિ** બનીને જન-જનના હૈયાની ઊર્મિઓને ગીતરૂપે હોઠો પર લાવીને **'વસુધૈવ કુટુમ્બકમ્'**નો સંદેશો ફેલાવવો છે. કોઈને **ડોક્ટર** થઈને સમાજને તનથી તંદુરસ્ત બનાવવાની મહત્વાકાંક્ષા છે તો કોઈને **મહાન સંત** થઈને **'ઈશાવાસ્યમિદં સર્વમ્'**નો દિવ્ય સંદેશ આપીને મુમુક્ષુઓને આંતરિક તંદુરસ્તી બક્ષવી છે.

દરેક વ્યક્તિના જીવનની શરૂઆતના સમયની આંખો આવા **અનેક શમણાઓ**થી છલોછલ છલકાતી હોય છે પણ, એ સપના પૂરા એના જ થતા હોય છે જે જીવનમાં અનેક **કસોટીની એરણ** ઉપર ચડ્યા પછી પણ મચક ન આપે.... પોતાના લક્ષ્યને ન છોડે. જેમ કોઈ આફત આવી પડે ત્યારે માણસ કોઈપણ ભોગે પહેલા પોતાનું જીવન બચાવવાની કોશિશ કરે છે ત્યારબાદ પોતાની ઘરવખરી બચાવવા પ્રયત્ન કરે છે તેમ ગમે તેવા આંતરિક કે બાહ્ય વાવાઝોડામાં કોઈપણ ભોગે પોતાના શુભ ધ્યેયને ન છોડે એ જ વ્યક્તિ સમયરૂપી **છીપ**ના **ગર્ભ**માં પાકીને સાચું **'રત્ન'** બની શકે છે.

અને જે વ્યક્તિ પોતાના જીવન દરમ્યાન એવું **એકલક્ષી જીવન** જીવીને બીજા અનેક વ્યક્તિઓને છીપ માછલીની **હુંફ** આપી સાચા 'રત્ન' જેવા બનાવી દે તેને જ ખરા અર્થમાં **'રત્નાકર'** કહેવાય. ગુજરાતની ધીંગી ધરા માત્ર રત્નોની જ ખાણ નથી, પરંતુ આવા કેટલાય 'રત્નાકરો' પણ આ **ગૌરવવંતી વસુંધરા** પર થયા છે.

ભારતીય સનાતન વૈદિક ધર્મ-સિદ્ધાંત સહિત મૂળભૂત

પ્રાચીન અને શાસ્ત્રીય પરંપરા, નૃત્ય-સંગીત-કલાના સંરક્ષણ અને પોષણનો માર્ગ પ્રશસ્ત કરનાર સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પ્રસ્થાપિત પરંપરાને અનુસરી ગુજરાતની **મહાન પ્રતિભાઓ**ના અથાગ પરિશ્રમ અને સ્વાભિમાનને બિરદાવવા માટે એના જ એક ભાગરૂપે તાજેતરમાં જ સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ** દ્વારા **ગઢડા-જૂનાગઢ ટેમ્પલ બોર્ડ**ની શુભેચ્છા સહ **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ભાવનગરના પટાંગણમાં **તા. ૧૩-૧-૨૦૧૮**ના રોજ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય અને ગૌરવવંતા ગુજરાતની સામાજિક પ્રતિભાનો પાંચમો **'રત્નાકર સન્માન સમારોહ'** પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વૈષ્ણવાચાર્ય પ.પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી આનંદ બાવાશ્રીના દિવ્ય સાનિધ્યમાં તથા પૂ. સંતો-મહંતોની પાવન નિશ્રામાં અને વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં **ભવ્યાતિ ભવ્ય** રીતે ઉજવાય ગયો.

નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરમાં તૈયાર થયેલ સંતઆશ્રમના **'ઉદ્‌ઘાટન મહોત્સવ'** પ્રસંગે આ રત્નાકર સન્માન સમારોહમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિના રખેવાળ સંકીર્તનકાર, લોકસાહિત્યકાર, ભજનીક તથા હાસ્યકળાના દિગ્ગજ **કલાસાધકો**ને તેમજ ગુજરાતના ગૌરવવંતા સામાજિક-શૈક્ષણિક વગેરે લલિતકળાઓમાં ઝળહળતી **પ્રતિભાઓ**ને બ્રહ્મનિષ્ઠ સંતોના અને હજારો જનમેદનીની ઉપસ્થિતિમાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે જ્યારે **રત્નાકર પુરસ્કાર** અપાયા ત્યારે વિશાળ જનસમુદાયની સાથે સમગ્ર પ્રકૃતિના હૃદયમયૂરો નાચી ઉઠ્યા હતા. સમગ્ર વાયુમંડળમાં એકજ પંક્તિ વારંવાર રેલાતી હતી - **'મન મોર બની થનગાટ કરે....'**

આ **સન્માન સમારોહ પ્રસંગે** પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા, પૂ. મહંત શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી - જૂનાગઢ, પૂ. એસ.પી. સ્વામી - ગઢડા, પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા વગેરે **ધામોધામથી સંતો ઉપસ્થિત** રહ્યા હતા.










# 'રત્નાકર' પુરસ્કારથી સન્માનિત મહાનુભાવશ્રીઓ - ૨૦૧૮, ભાવનગર

## કીર્તન સંગીત રત્નાકર

**અ.નિ. ડો. પ.ભ. શ્રી ચંદુભાઈ રાઠોડ** (સંકીર્તનકાર)



અક્ષરનિવાસી શ્રી ચંદુભાઈએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના નંદસંતો દ્વારા રચેલા **કીર્તનપદો** ગાઈને અનેક આલ્બમોના માધ્યમથી તેને ભક્ત સમુદાય સમક્ષ મૂક્યા હતા અને તે આજે પણ પ્રસિદ્ધ છે. નંદસંતો રચિત કીર્તનપદોના પ્રચાર કરનારા ચંદુભાઈની કીર્તનભક્તિથી પ્રસન્ન થઈને વડતાલ ગાદી પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ** તેઓને **'શ્રી સ્વામિનારાયણ ઘરાનાનાં પ્રથમ ગાયક'** તરીકે બિરુદની દીક્ષા આપીને પોષાક અર્પણ કર્યા હતા. સૂર, લય અને શબ્દ સાથે સાચો ભાવ રજૂ કરવો એ ચંદુભાઈના ગાયનની લાક્ષણિકતા હતી. અમદાવાદ ગાદી પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ** પણ ચંદુભાઈની કીર્તન-ભક્તિથી પ્રસન્ન થઈ અમેરિકામાં તેમને સાથે લઈ જઈને કીર્તન-ભક્તિના લાઈવ પ્રોગ્રામ કરાવ્યા હતા. આ રીતે ચંદુભાઈના ભક્તિભાવ સાથેના **મધુર ગાયન** તેમજ **વિનય-વિવેક**થી બંને દેશના પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રીઓ, પૂ. બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોએ અનેકાનેક વખત **ખૂબજ રાજીપો** વરસાવ્યો છે અને ધાર્મિક-સામાજિક ક્ષેત્રના અનેક હસ્તીઓએ ચંદુભાઈની કલાને બિરદાવેલ છે એ તેઓના જીવનની **અમૂલ્ય મૂડી** છે. **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** અ.નિ. ચંદુભાઈ દામોદરભાઈ રાઠોડનું **'કીર્તન સંગીત રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.



## સંતવાણી રત્નાકર

**શ્રી નારાયણ ઠાકર** (સંતવાણી–ભજનિક)



પ્રાચીન ગુજરાતી ભજનોનું હૃદયના શુદ્ધભાવથી કરવામાં આવેલું શ્રવણ અંતરમનમાં પરમતત્ત્વના **આહ્લાદકભાવની ઝાંખી** કરાવી આપે છે. પરંતુ તે ભજન ભગવાનના સ્વરૂપમાં **તલ્લીન** થઈને ગવાયા હોય તે પણ ખૂબ જરૂરી બની જાય છે, જે શ્રી નારાયણ ઠાકરના સંતવાણી-ભજનમાં એ વાત સ્પષ્ટ જોઈ શકાય છે.

શ્રી નારાયણ ઠાકરનો બાળપણથી ધાર્મિકવૃત્તિના વિપ્ર પરિવારમાં ઉછેર થવાથી શ્લોક-સ્તોત્ર-ભજન-કીર્તન અને **સંગીત**નો **શોખ** રહ્યો છે. પિતા રામજીભાઈએ નારાયણમાં સંગીત પ્રત્યેનો લગાવ નીરખતાં તેમને સંગીતક્ષેત્રેમાં આગળ વધારવા ઈ.સ. ૨૦૦૫ સંગીતની તાલબદ્ધ તાલીમ શરૂઆત કરાવી. નારાયણ ઠાકરે BPA તથા MPA (vocal) સુધીનો અભ્યાસ કર્યો છે.

શ્રી નારાયણ ઠાકરે સંતવાણી-ભજન-લોકગીત અને ગઝલ ગાયકી ક્ષેત્રમાં પ્રથમ શ્રીગણેશ ચિત્રકૂટ-તલગાજરડા ખાતેથી પૂ. શ્રી મોરારી બાપુના સાન્નિધ્યમાં કર્યા હતા. ત્યારબાદ ઈ.સ. ૨૦૧૨થી જાહેર સ્ટેજ કાર્યક્રમો આપવા લાગ્યા અને પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) સાથે પણ ઘણી કથાઓમાં તેઓએ પોતાની ગાયનકળાથી શ્રોતાઓને પ્રભાવિત કર્યા છે, તે ખૂબજ ગૌરવની બાબત છે. જૂના અખાડાના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ.પૂ. શ્રી ઈન્દ્રભારતીજી મહારાજના પણ આશીર્વાદ નારાયણભાઈને પ્રાપ્ત થયા છે.

શ્રી નારાયણ ઠાકરની સંતવાણી કલાથી પ્રભાવિત થઈને અનેક વિવિધ સંસ્થાઓના મહાનુભાવોએ વખતોવખત સન્માનનિત કરીને તેમજ પુરસ્કાર આપીને વિશેષ પ્રસન્નતાન્વિત કરી છે. નારાયણ ઠાકરની સંતવાણી પ્રત્યેની **અમૂલ્ય કળાથી** અનેક ધર્માચાર્યો, સંતો-મહંતો અને મહાપુરુષોનો **રાજીપો** અને **પ્રશંસા** પ્રાપ્ત કરીને **અખૂટ પાથેય** પણ પ્રાપ્ત કર્યું છે. તેનાથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી નારાયણભાઈ ઠાકરનું **'સંતવાણી રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## લોકસાહિત્ય રત્નાકર

**શ્રી હરેશદાન ગઢવી** (લોકસાહિત્યકાર)

શ્રી હરેશદાન ગઢવીએ ચારણકુળની **ઉજળી પરંપરા**માં જન્મીને ગુજરાતી અને ચારણી સાહિત્યનું **ગૌરવ** વધાર્યું છે. તેઓએ આકાશવાણી કેન્દ્ર રાજકોટ, અમદાવાદ દૂરદર્શન - રાજકોટ દૂરદર્શન, જીટીપીએલ ડાયરો, જી ગુર્જરી, ઈટીવી, કલર્સ ચેનલ વગેરે ચેનલોના માધ્યમથી 'લોકકથા' તથા 'સૌરાષ્ટ્રની રસધાર' અને ચારણી સાહિત્ય જેવા કાર્યક્રમોમાં **લોકજીવનના મૂલ્યો**ની વાતો કરીને તેમજ અનેક ઓડિયો-વિડિયો કેસેટ્સના માધ્યમથી ગુજરાત અને ભારતીય સંસ્કૃતિને વિશ્વવ્યાપી બનાવવાનો **બેનમૂન પ્રયાસ** કર્યો છે, જે ખૂબજ સરાહનીય છે.



તેઓ વીસ વર્ષથી સતત નાના સ્ટેજ કાર્યક્રમોથી લઈને ભવ્ય જાહેર કાર્યક્રમોમાં પોતાના અષાઢી મેઘ જેવા કંઠે વહાવાતી કવિ કાગબાપુ, રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણી જેવા મહાન કવિઓની કૃતિઓ પણ લોકડાયરા અને સાહિત્યના કાર્યક્રમોમાં સાંભળવા મળે છે તેને લોકો ખૂબ આવકારે પણ છે. હરેશદાન ગઢવી આકાશવાણી રાજકોટમાં પંદર વર્ષથી લોકવાર્તા બી. હાઈ ગ્રેડના કલાકાર તરીકે કાર્યરત છે. ચારણોની ગાવા તથા બોલવાની **શૈલી** આગવી હોય છે, એ જ ગરિમાવંતી પરંપરાના પ્રપોષક લોકગાયક, ચારણ ગાયક અને લોકસાહિત્યકાર છે તે રાષ્ટ્ર અને સમાજ માટે **ગુજરાતીય ગૌરવ**ની વાત છે.

આજીવન કલા પ્રત્યેનું સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તુંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી હરેશદાન ગઢવીનું **'લોકસાહિત્ય રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## પાર્શ્વગાયક રત્નાકર

**શ્રી પાર્થિવ ગોહિલ** (પ્લેબેક સિંગર)

શ્રી પાર્થિવ ગોહિલનો ભાવનગર શહેરમાં ગોહિલ કુટુંબમાં જન્મ થયો છે. સંગીત પ્રત્યે અતિ રુચિ ધરાવતા દાદા અને પિતાના સંસ્કારો **વારસાગત** પ્રાપ્ત થયા છે. ફક્ત ચૌદ વર્ષની ઉંમરે 'પંડિત ઓમકારનાથ ઠાકુર પ્રતિયોગિતા અને રાજ્ય પ્રતિભા શોધ'માં વિજેતા થયા હતા. પાર્થિવ ગોહિલે ગુરુકુળ સ્કોલરશિપ સ્કીમ હેઠળ મહાન ગાયક તાનસેનના વંશજ એવા ઉસ્તાદ ઝીઆ ફારુદીન ડાગર પાસેથી સંગીતની **તાલીમ** લીધી છે. અને મહાન બાંસુરીવાદક હરિપ્રસાદ ચૌરસિયા, સારંગીવાદક ઉસ્તાદ સુલતાનખાં, ગુન્ડેચા બ્રધર્સ તથા વી.જી. જોગ જેવા અસામાન્ય કલાકારો સાથે રહીને સંગીત વિષે ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.



શ્રી પાર્થિવ ગોહિલના સુમધુર કંઠે ગવાયેલ અનેક ભજનો-લોકગીતો અને ગઝલોએ આબાલવૃદ્ધ તમામને આકર્ષણ કર્યા છે. તેઓએ ભારત તથા અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, દુબઈ વગેરે દેશોમાં **હજારો કાર્યક્રમો** આપીને લાખો દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે. તેથી જ તેઓની કલાને નવાજતા એવા 'બેસ્ટ પ્લેબેક સિંગર', 'ગુજરાત ગૌરવ પુરસ્કાર', 'રાજીવ પટેલ પુરસ્કાર', બૃહદ ગુજરાતી સમાજ મુંબઈ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ હસ્તે શ્રેષ્ઠ 'પ્લેબેક સિંગર ગિરનાર પુરસ્કાર' જેવા **અનેક એવોર્ડ** પ્રાપ્ત થયા છે.

પાર્થિવ ગોહિલના ઘેઘૂર અવાજમાં કોઈપણ અક્ષરો જીવંતરૂપ ધારણ કરી નૃત્ય કરવા માંડે છે. પાર્થિવ ગોહિલ શ્રી સ્વામિનારાયણ કીર્તન-ભજનો, ગુજરાતી ગીતો, ભગવદ્‌ગીતાની આઠ સીડી, જૈન સ્તવન, શ્રીનાથજીના પદો તેમજ કીર્તનોમાં ખીલી ઊઠ્યા છે. તેમજ અનેક ગુજરાતી-હિન્દી ચલચિત્રોમાં **ભજન-લોકગીતો** ગાયા છે. તેઓની **અમૂલ્ય કળાથી** હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી પાર્થિવ ગોહિલનું **'પાર્શ્વગાયક રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## હાસ્ય રત્નાકર

**શ્રી સુખદેવ જાદવભાઈ ધામેલિયા** (હાસ્ય મર્મજ્ઞ)



શ્રી સુખદેવભાઈ ધામેલીયાનું નામ સાંભળતા જ કોઈપણ ગુજરાતીના મુખ પર નિર્દોષ **સહજ હાસ્ય** ફરકી જાય. તેઓના પિતાશ્રી એવા જાદવબાપા (ગઢડાવાળા)ના હાસ્ય વારસાને જાળવીને હાસ્યકલાક્ષેત્રમાં તેઓની કારકિર્દી ટૂંકા સમયમાં એક અદ્‌ભુત **'હાસ્ય કલાકાર'** તરીકે સમગ્ર ગુજરાતમાં ઊભરી આવી.

તેઓએ દૂરદર્શન, ઈટીવી, વીટીવી, લક્ષ્ય, જીટીપીએલ વગેરે ચેનલોના માધ્યમથી લોકોને પેટ પકડીને હસાવ્યા છે. આ ઉપરાંત સુપર-ડુપર ઓડિયો-વિડિયો આલ્બમોના માધ્યમથી પણ તેઓએ લોકોને **હાસ્ય** પીરસ્યું છે. હાસ્યની આ યાત્રામાં ફક્ત ગુજરાત કે ભારત પૂરતી સીમિત ન રહેતા અમેરિકા, ઈંગ્લેન્ડ, હોંગકોંગ, બેંગકોક, દુબઈ, સિંગાપુર, આફ્રિકા વગેરે દેશોમાં વસતા અનેક ગુજરાતીઓને હાસ્યની સુગંધ પીરસી આનંદિત કરીને દેશ-વિદેશમાં લોકપ્રિય કાર્યક્રમો દ્વારા કલાજગતમાં એક **આગવું સ્થાન** હાંસલ કર્યું છે તે ખરેખર **સરાહનીય** છે. સુખદેવભાઈ છેલ્લા ઘણા વર્ષોથી લોકોને હસાવીને દુનિયાદારીની **ગંભીર સમસ્યાઓ**ની ચિંતાથી દૂર લઈ જઈને **પ્રસન્નચિત્ત** બનાવવાની જે **ઉમદા સેવા** કરી રહ્યા છે તે ખરેખર દાદ માંગી લે એવી બાબત છે.

આજીવન કલા પ્રત્યેનું સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તુંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી સુખદેવ જાદવભાઈ ધામેલીયાનું **'હાસ્ય રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## હાસ્યલેખન રત્નાકર

**શ્રી જગદીશ ત્રિવેદી** (હાસ્યલેખક)



શ્રી જગદીશ ત્રિવેદી આમ તો હાસ્યકલાકાર તરીકે દેશ-વિદેશમાં મંચો ગજવતા રહ્યા છે અને તે જ વાતને લિપિબદ્ધ કરીને લોકો સમક્ષ મૂકવાનો પ્રયત્ન પણ કરી રહ્યા છે. તેઓશ્રીએ ૭૭ જેટલા જુદા-જુદા વિષય ઉપર હાસ્ય સંબંધી ઓડિયો-વિડિયો આલ્બમ જનસમાજમાં વહેતા મૂક્યા, જે આજે દેશ-વિદેશમાં ગૂંજરાવ કરી રહ્યા છે. જગદીશભાઈએ ભારત તથા અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દુબઈ, ઓમાન, કેન્યા, ટાન્ઝાનિયા, ચીન, પોર્ટુગલ, મેક્સિકો, થાઈલેન્ડ, બેલ્જિયમ, મલેશિયા જેવા ૨૭થી વધુ દેશોમાં ૬૮ જેટલી **વિદેશયાત્રા** કરીને હાસ્યની સાથે જીવનસાહિત્યના **હજારો કાર્યક્રમો** આપીને દેશ-વિદેશોમાં વસતા અનેક ગુજરાતીઓને હાસ્યની સુગંધ પીરસીને વિશ્વના ગુજરાતીઓ સુધી હાસ્યની સાથે ગુજરાતના ગૌરવવંતા ગીતો ગૂંજતા કરીને કલાજગતમાં એક **આગવું સ્થાન** હાંસલ કર્યું છે તે ખરેખર **સરાહનીય** છે.

શ્રી જગદીશભાઈએ 'હાસ્યશતક', 'શાહબુદ્દીન રાઠોડની શ્રેષ્ઠ ચિંતનકથાઓ', 'જગદીશની જમાવટ', 'જગદીશના જલસા', 'હસે તેનું કદી ન ખસે', 'ગમ્મતનો ગુલદસ્તો' જેવા ૫૧ જેટલા પુસ્તકો રચીને સમાજને ભેટ આપ્યા છે. તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણ રચિત 'શિક્ષાપત્રી'અને હરિવંશરાય બચ્ચનની 'મધુશાલા'નો ગુજરાતીમાં સફળ પદ્યાનુવાદ કર્યો છે. જગદીશભાઈ છેલ્લા ૧૭ વર્ષથી ફૂલછાબ, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર જેવા અખબારમાં અને અભિયાન સામયિકમાં નિયમિત કટારલેખક રહ્યા છે. ગુજરાત રાજ્યમાં ધોરણ - ૭ના પાઠ્યપુસ્તકમાં અને મહારાષ્ટ્ર રાજ્યમાં ધોરણ - ૯ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં તેઓનો પાઠ ભણાવામાં આવે છે, તે ખૂબજ ગૌરવની વાત છે.

શ્રી જગદીશભાઈ પાકિસ્તાન જઈને હાસ્ય કાર્યક્રમ આપનાર એકમાત્ર ગુજરાતી હાસ્યકલાકાર છે. તેઓશ્રી ત્રણવખત પી.એચ.ડી. કરનાર એકમાત્ર ગુજરાતી છે. તેઓની કલાને નવાજતા એવા ગુજરાતી સાહિત્ય પરિષદના 'જ્યોતીન્દ્ર દવે' પારિતોષિક તેમજ 'ગુજરાત ગૌરવ પુરસ્કાર', 'ગ્લોરી ઓફ ગુજરાત' જેવા **અનેક એવોર્ડ** પ્રાપ્ત થયા છે.

શ્રી જગદીશભાઈએ એક સવિશેષ કાર્ય એ કર્યું છે કે, પોતાના અંગત ઉપયોગ માટે અર્થઉપાર્જનનો ત્યાગ કરીને સંસારીજનો માટે હિંમતભર્યું પગલું ભર્યું છે, જે ખરેખર **પ્રશંસનીય** છે. તેઓનું કલા પ્રત્યેનું આજીવન સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તુંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી જગદીશ ત્રિવેદીનું **'હાસ્યલેખન રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## નાટ્ય-અભિનય રત્નાકર
### શ્રી સંજય ગોરડીયા



શ્રી સંજય ગોરડીયા એક દિગ્દર્શક, અભિનેતા અને નિર્માતા છે. તેઓએ ૩૦ વર્ષની નાટ્યકલા અભિનય ક્ષેત્રેની કારકિર્દીમાં ઘણા બધા પ્રોજેક્ટનું કામ કર્યું છે. તેઓની કારકિર્દીનો પ્રારંભ સ્ટેજ શોમાં અભિનય કરીને કર્યો હતો અને આજે તે ભારતીય ચલચિત્રો તેમજ ટીવીશો, નાટકો સુધી પથરાયો છે. સંજય ગોરડીયાએ અતિ સફળતાપૂર્વક ગુજરાતી પ્રોડ્યુસર તરીકે અસંખ્ય નાટકોનું સર્જન કર્યું છે. તેઓ એક ચાહિતા અને પ્રભાવિત નાટકના સર્જક તરીકે લોકોમાં ખૂબજ જાણીતા રહ્યા છે. તેઓશ્રીએ 'આભાસ', 'બા રીટાર્યડ થઈ છે', 'જમા-ઉધાર', 'છેલ અને છબો', 'કરો કંકુના', 'એકો રાજા રાની', 'દેરાણી જેઠાણી', 'શુકન સવા રૂપિયો' જેવા ૧૦૦થી વધુ ગુજરાતી થિયેટર સિનેમા નાટકોનું નિર્માણ કર્યું છે.

તેઓશ્રીની નાટ્યકલાની સિદ્ધિઓ બદલ ભારત સરકાર તથા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તેમજ અનેક રાજકીય-સામાજિક-ધાર્મિક સંસ્થાઓ દ્વારા પણ **અનેક સન્માન** પ્રાપ્ત થયા છે તે ખૂબજ ગૌરવની વાત છે. તેઓની નાટ્યકલા પ્રત્યેનું આજીવન સમર્પણની **ઉત્તંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી સંજય ગોરડીયાનું **'નાટ્ય-અભિનય રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## લોકગીત રત્નાકર
### શ્રી બિહારીદાન હેમુ ગઢવી



શ્રી બિહારીદાન ગઢવીના પિતા એટલે ઝવેરચંદ મેઘાણી અને દુલા ભાયા કાગના સાહિત્યનો અભ્યાસ કરી લોકસંગીતને વાચા આપી રાજકોટ આકાશવાણી દ્વારા ગુજરાતના ઘર-ઘર સુધી પહોંચાડનાર **શ્રી હેમુદાનભાઈ ગઢવી.**

લોકગીત અને ભજનનો તેમને નાનપણથી જ શોખ હતો. જેથી ચારણી સાહિત્યનો અભ્યાસ કરી અને તેનો લોકગીત ગાવામાં અને નાટકમાં ભજવવામાં ઉપયોગ કર્યો. બિહારીભાઈના પિતા હેમુભાઈ ગઢવીના કંઠે ગવાયેલ સન ૧૯૬૩ની સાલમાં કોલંબિયા કંપનીએ 'સોની હલામણ મેં ઉજળી' રેકર્ડ પ્રકાશિત કરી હતી. આ ઉપરાંત એચ.એમ.વી.એ 'શિવાજીનું હાલરડું', 'અમે મહિયારા રે' અને 'મોરબીની વાણિયણ' જેવી રેકર્ડો પ્રકાશિત કરી હતી. જે આજેય લોકોના માનસપટ ઉપર છવાયેલી છે.

સ્વર્ગસ્થ શ્રી હેમુભાઈ ગઢવીના આ લોકગીતના વારસાને બિહારદાનભાઈએ નખશિખ નિભાવી આજે નિભાવી રહ્યા છે. બિહારીભાઈ એ જ ગરિમાવંતી પરંપરાના પ્રપોષક લોકગાયક છે, તે રાષ્ટ્ર અને સમાજ માટે **ગુજરાતીય ગૌરવ**ની વાત છે.

નાના સ્ટેજ કાર્યક્રમોથી લઈને ભવ્ય જાહેર કાર્યક્રમોમાં આપશ્રીના અષાઢી મેઘ જેવા કંઠે વહાવાતી કવિ કાગબાપુ, રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણી જેવા મહાન કવિઓની કૃતિઓ પણ લોકગીત અને સાહિત્યના કાર્યક્રમોમાં સાંભળવા મળે છે તેને લોકો ખૂબ આવકારે પણ છે. તેઓનું આજીવન કલા પ્રત્યેનું સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી બિહારીદાન હેમુ ગઢવીનું **'લોકગીત રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## કવિ રત્નાકર

**શ્રી અનુભા દેવીદાનભાઈ ગઢવી** (લોકકવિ સાહિત્યકાર)



ચારણકુળની **ઉજળી પરંપરા**માં જન્મીને જેમણે ગુજરાતી અને ચારણી સાહિત્યનું **ગૌરવ** વધાર્યું છે. એવા શ્રી અનુભા ગઢવીએ આકાશવાણી કેન્દ્ર રાજકોટ, અમદાવાદ દૂરદર્શન - રાજકોટ દૂરદર્શન, જીટીપીએલ ડાયરો, જી ગુર્જરી, ઈટીવી, કલર્સ ચેનલ વગેરે ચેનલોના માધ્યમથી 'લોકકથા' તથા 'સૌરાષ્ટ્રની રસધાર' અને ચારણી સાહિત્ય જેવા કાર્યક્રમોમાં **લોકજીવનના મૂલ્યો**ની વાતો કરીને ગુજરાત અને ભારતીય સંસ્કૃતિને વિશ્વવ્યાપી બનાવવાનો **બેનમૂન પ્રયાસ** કર્યો છે, જે ખૂબજ **સરાહનીય** છે.

ચારણોની ગાવા તથા બોલવાની **શૈલી** આગવી હોય છે, એ જ પરંપરાના લોકકવિ સાહિત્યકાર અનુભા ગઢવીએ ચારણી સાહિત્ય પરંપરામાં ભુજંગી, રેણકી, ઝુલણા, છપ્પય વગેરે દુહા-છંદની રચના કરી છે. એટલું જ નહિ, તેઓએ નાના સ્ટેજ કાર્યક્રમોથી લઈને ભવ્ય જાહેર કાર્યક્રમોમાં પોતાના અષાઢી મેઘ જેવા કંઠે પ્રગલ્ભ-મધુર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાનકવિ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, કાગબાપુ, રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણી જેવા મહાન કવિઓની કૃતિઓ પણ લોકડાયરા અને સાહિત્યના કાર્યક્રમોમાં વહાવાતી સાંભળવા મળે છે જેને લોકો ખૂબ આવકારે પણ છે, તે રાષ્ટ્ર અને સમાજ માટે **ગુજરાતીય ગૌરવ**ની વાત છે.

આજીવન કલા પ્રત્યેનું સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તુંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી અનુભા ગઢવીનું **'કવિ રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## સંગીત રત્નાકર

**શ્રી મનોજ-વિમલ** (સંગીતકાર)



સંગીતક્ષેત્રે સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાત જેના માટે ગૌરવ લઈ શકે તેવી **સંગીતકાર બેલડી** એટલે શ્રી **મનોજ-વિમલ**. સંગીત પ્રત્યેના અદમ્ય લગાવ અને ઈશ્વરીય સંકેતના કારણે વ્યવસાય છોડી બંનેએ સુપ્રસિદ્ધ કલાગુરુ શ્રી કાંતિભાઈ સોનછત્રા પાસેથી કી-બોર્ડની ઘનિષ્ઠ તાલીમ પ્રાપ્ત કરી. સંગીતને જ કારકિર્દી તરીકે અપનાવી શરૂઆતમાં સ્ટેજ કાર્યક્રમો દ્વારા તથા ત્યારબાદ ભક્તિસંગીત-લોકસંગીત અને ચલચિત્રમાં સંગીતક્ષેત્રે નામના પ્રાપ્ત કરી.

**'મનોજ-વિમલ'**ના નામે સુપ્રસિદ્ધ એવી આ **સંગીતકાર બેલડી**એ છેલ્લા ૩૦ વર્ષથી રેકોર્ડિંગ ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. ભક્તિસંગીત, લગ્નગીતો, લોકસંગીત અને ગુજરાતી-હિન્દી ચલચિત્રો વગેરેની ૭૦૦થી વધુ ઓડિયો-વિડિયો આલ્બમમાં **સંગીત** આપ્યું છે. તેઓની સંગીતની કારકિર્દી આજે એક સફળ **સંગીત દિગ્દર્શક** તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકી છે. આજની યુવાપેઢીને પણ કીર્તન-ભજન ગાવામાં રસ ઉત્પન્ન થાય તેવા હેતુથી આજના આધુનિક યુગ પ્રમાણે ભક્તિસંગીતના આલ્બમો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બનાવ્યા છે અને તેમાં અમુક રચનાઓમાં ભારતીય શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત અને પાશ્ચાત્ય સંગીતનો સુંદર **સમન્વય** કર્યો છે જે **સફળ** પણ થયેલ છે.

કારકિર્દી દરમ્યાન આ બેલડીએ અમેરિકા, કેન્યા, ટાન્ઝાનિયા, દુબઈ વગેરે દેશોમાં આપની સંગીતકલા પીરસીને સંગીતપ્રેમી શ્રોતાઓને તૃપ્ત કર્યા છે. તેઓની કલાને નવાજતા એવા ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રાન્સમીડીયા 'ગુજરાતી બેસ્ટ મ્યુઝિક ડીરેક્ટર', 'ગુજરાત ગૌરવ પુરસ્કાર' જેવા **અનેક એવોર્ડ** પ્રાપ્ત થયા છે. જે ખરેખર **પ્રશંસનીય** છે.

આજીવન સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તુંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી મનોજ-વિમલનું **'સંગીત રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## સંગીતવાદ્ય (તબલા) રત્નાકર

### શ્રી ભીખુબાપુ ગોસ્વામી



શ્રી ભીખુબાપુ છેલ્લા છ દાયકાથી આપણી ભાતીગળ **લોકસાહિત્ય**ની **સંસ્કૃતિ**ને ટકાવી રાખવા માટે સંતવાણી અને લોકડાયરા તેમજ સંગીત ક્ષેત્રમાં ઢોલક વાદ્ય વગાડી રહ્યા છો તે ખૂબજ સરાહનીય છે. તેઓએ ગુજરાત-સૌરાષ્ટ્રના પૂ. કાનદાસ બાપુ, પૂ. નારાયણ સ્વામી, શ્રી હેમુભાઈ ગઢવી, શ્રી પ્રાણલાલ વ્યાસ, શ્રી દિવાળીબેન ભીલ, શ્રી છગનભાઈ મીસ્ત્રી, શ્રી ભીખુદાનભાઈ ગઢવી જેવા **નામાંકિત** કલાકારો સાથે તેમજ વર્તમાન સમયના પ્રસિદ્ધ નાના-મોટા કલાકારો સાથે ઢોલક વાદ્ય સાથે સંગત કરેલ છે, જે સંગીતકળા પ્રત્યે તેઓની લોકપ્રિયતાને આભારી છે.

શ્રી ભીખુબાપુ પ.પૂ. શ્રી મોરારી બાપુ દ્વારા પ્રેરિત 'સંતવાણી એવોર્ડ'થી સન્માનિત થયા છે તેમજ અન્ય સામાજિક સંસ્થાઓ તેમજ રાજકીય સંસ્થાઓ દ્વારા પણ અનેક સન્માન પ્રાપ્ત થયા છે તે ખૂબજ **ગૌરવ**ની વાત છે. તેઓનું આજીવન સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી ભીખુબાપુનું **'સંગીતવાદ્ય રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## સંગીતવાદ્ય (બેન્જો) રત્નાકર

### શ્રી રાજુભાઈ કાવઠિયા



શ્રી રાજુભાઈ કાવઠિયા છેલ્લા ૫૦ વર્ષથી આપણી ભાતીગળ **લોકસાહિત્ય**ની **સંસ્કૃતિ**ને ટકાવી રાખવા માટે સંતવાણી અને લોકડાયરા તેમજ સંગીત ક્ષેત્રમાં **બેન્જો વાદ્ય** વગાડી રહ્યા છો તે ખૂબજ સરાહનીય છે. તેઓએ સંતવાણી-લોકડાયરાના કાર્યક્રમોમાં **'બેન્જોવાદક'** તરીકે એક આગવી ઓળખ ઊભી કરી છે તે અત્યંત **ગૌરવ**ની બાબત છે.

શ્રી રાજુભાઈએ ગુજરાત-સૌરાષ્ટ્રના પૂ. કાનદાસ બાપુ, પૂ. નારાયણ સ્વામી, શ્રી ભીખુદાનભાઈ ગઢવી, શ્રી લક્ષ્મણ બારોટ, શ્રી નિરંજન પંડ્યા, શ્રી છગનભાઈ મીસ્ત્રી જેવા **નામાંકિત** કલાકારો સાથે તેમજ વર્તમાન સમયના પ્રસિદ્ધ નાના-મોટા કલાકારો સાથે તેમજ ઢોલકવાદક હાજીભાઈ રમકડું સાથે સંગત કરેલ છે, જે સંગીતકળા પ્રત્યે તેઓની **લોકપ્રિયતા**ને આભારી છે.

શ્રી રાજુભાઈ પ.પૂ. શ્રી મોરારી બાપુ દ્વારા પ્રેરિત 'સંતવાણી એવોર્ડ'થી સન્માનિત થયા છે તેમજ અન્ય સામાજિક સંસ્થાઓ તેમજ રાજકીય સંસ્થાઓ દ્વારા પણ **અનેક સન્માન** પ્રાપ્ત થયા છે તે ખૂબજ ગૌરવની વાત છે. તેઓનું આજીવન સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી રાજુભાઈ કાવઠિયાનું **'સંગીતવાદ્ય રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## સંગીતવાદ્ય (મંજીરાં) રત્નાકર

### શ્રી નાગજીભાઈ સરવૈયા



શ્રી નાગજીભાઈ સરવૈયા છેલ્લા ૪૦ વર્ષથી આપણી ભાતીગળ **લોકસાહિત્ય**ની **સંસ્કૃતિ**ને ટકાવી રાખવા માટે સંતવાણી અને લોકડાયરા તેમજ સંગીત ક્ષેત્રમાં મંજીરાં વગાડી રહ્યા છો તે ખૂબજ **સરાહનીય** છે. તેઓએ નાના એવા મંજીરાંને **અમેરિકા**ની ધરતી ઉપર પહોંચાડીને **ભારતીય લોકસંસ્કૃતિ**ને ઉજાગર કરી છે. નાગજીભાઈ શ્રી પ્રાણલાલ વ્યાસ અને પદ્મશ્રી દિવાળીબેન ભીલ સાથે અમેરિકાનો પ્રવાસ કરી ચૂક્યા છે તેમજ ગુજરાત-સૌરાષ્ટ્રના પૂ. કાનદાસ બાપુ, પૂ. નારાયણ સ્વામી, શ્રી ભીખુદાનભાઈ ગઢવી, શ્રી લક્ષ્મણ

બારોટ, શ્રી નિરંજન પંડ્યા, શ્રી છગનભાઈ મીસ્ત્રી જેવા **નામાંકિત** કલાકારો સાથે **મંજીરાંવાદક** તરીકે **સંગત** કરેલ છે, જે સંગીતકળા પ્રત્યે તેઓની લોકપ્રિયતાને આભારી છે.

શ્રી નાગજીભાઈ પ.પૂ. શ્રી મોરારી બાપુ દ્વારા પ્રેરિત 'સંતવાણી એવોર્ડ'થી સન્માનિત થયા છે તેમજ અન્ય સામાજિક સંસ્થાઓ તેમજ રાજકીય સંસ્થાઓ દ્વારા પણ **અનેક સન્માન** પ્રાપ્ત થયા છે તે ખૂબજ **ગૌરવ**ની વાત છે. તેઓનું આજીવન સમર્પણ અને સંસ્કૃતિના રક્ષણની **ઉત્તંગ ભાવના** અને તે માટેના સફળ પ્રયાસોથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી નાગજીભાઈ સરવૈયાનું **'સંગીતવાદ્ય રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## સંસ્કૃતવિદ્યા રત્નાકર

### શ્રી નરેન્દ્રભાઈ પંડયા



આ ચરાચર જગતની સમસ્ત ભાષાઓમાં **સંસ્કૃતભાષા**નું સ્થાન નિશ્ચિતપણે પહેલું છે. સમસ્ત શાસ્ત્રોનું જ્ઞાન અને સર્વવિધ વિજ્ઞાન દેવભાષા સંસ્કૃતમાં નિહિત હોવાથી ભારત અને ભારતીય સંસ્કૃતિની **ગરિમા** અને **મહિમા**નું એક મહત્ત્વપૂર્ણ **અંગ** માનવામાં આવ્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ પંડ્યાએ સુદીર્ઘકાલ સુધી વિવિધ પારંપરિક સંસ્કૃત મહાવિદ્યાલયોમાં ગુરુજનો પાસેથી આ ભાષાનું અને શાસ્ત્રોનું ગહન **અધ્યયન** કરેલ છે. શ્રીકૃષ્ણ સંસ્કૃત પાઠશાળા - બેટદ્વારકા, શ્રીવરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલય, શ્રી ભાગવત વિદ્યાપીઠ-સોલામાં પ્રથમા, મધ્યમા, શાસ્ત્રી અને આચાર્ય કક્ષાનો વિશેષ યોગ્યતા સાથે **અભ્યાસ** કર્યો છે. આ સાથે ગુજરાત યુનિવર્સિટીમાંથી સંસ્કૃતવિષય સાથે B.A., M.A. અને Ph.D. ની પદવી પ્રાપ્ત કરેલ છે. જેમાં પ્રખર પ્રતિભાથી શાસ્ત્રી, આચાર્ય, B.A. અને M.A.માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સ્વર્ણપદક પણ મેળવેલ છે.

માનવ સંશોધન વિકાસ મંત્રાલય - દિલ્હી દ્વારા રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનના માધ્યમથી આયોજીત થતી અખિલ ભારતીય શાસ્ત્રીય સ્પર્ધાઓમાં સાહિત્ય, ન્યાય અને સમસ્યાપૂર્તિમાં 'પ્રથમ સ્થાન' પ્રાપ્ત કરેલ છે. તેઓશ્રીએ અધ્યયન કરેલ વિદ્યાઓના **અધ્યાપન**નું કાર્ય શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય - ડભાણથી શરૂ કર્યું, ત્યારબાદ શ્રીવરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલય, શ્રી ભાગવત વિદ્યાપીઠ - સોલામાં અધ્યાપક અને આચાર્ય તરીકે વિદ્યાકીય સેવાઓ પ્રદાન કરી છે. હાલમાં તેઓ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજ - વેરાવળમાં આચાર્ય તરીકે સેવા આપી રહ્યો છે. શ્રી સોમનાથ યુનિવર્સિટી તરફથી તેઓને **'સારસ્વત ગૌરવ'** સન્માન પ્રદાન કરવામાં આવ્યું છે. નરેન્દ્રભાઈએ રસરાજશતક, કાલિન્દીશતક, સરસ્વતીશતક, સુભાષિતશતક જેવા વિવિધ સ્વરચિત કાવ્યોની રચના કરી સંસ્કૃતસાહિત્યના આધુનિક કવિઓમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેઓએ અનેક સંસ્કૃત વિદ્યાલયોમાં; કવિ સંમેલનો, પ્રાંતીય-રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય શોધ સેમિનારો તથા સામાજિક-ધાર્મિક-સાંસ્કૃતિક સંમેલનોમાં અતિથિ, સંચાલક, સંયોજક અને અધ્યક્ષ તરીકે પણ દાયિત્વ-નિર્વહન કર્યું છે, જે ખરેખર **પ્રશંસનીય** છે. જેથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી નરેન્દ્રભાઈ પંડ્યાનું **'સંસ્કૃતવિદ્યા રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## ચિત્રકલા રત્નાકર

### શ્રી અરવિંદ હુમ્મર (ચિત્રકાર)



શ્રી અરવિંદભાઈએ પોતાની શ્રેષ્ઠ **ચિત્રકલા** દ્વારા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તેમજ ભારતવર્ષની **સંસ્કૃતિ**ને **વિશ્વવ્યાપી** બનાવવા માટે ખૂબજ નિર્મળ **પ્રયાસ** કર્યો છે. તેઓએ આજીવન ચિત્રકલાના પૂજારી બનીને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ હરિભક્તોને રાજી કરવાનો જે નિશ્ચય કર્યો છે અને આપની દરેક કાર્ય સિદ્ધિના યશને પણ ભગવાન શ્રીહરિ તથા મહાપુરુષોના કૃપાપ્રસાદ સ્વરૂપે અતિ નમ્રતાથી અહેસાન પૂર્વક જે સ્વીકારો છો તે ખરેખર એક સાચા **સમર્પિત કલાકાર**નું શ્રેષ્ઠ **લક્ષણ** છે.

તેઓની કલ્પનાના નમૂના સ્વરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનેક દિવ્ય ચિત્ર-પ્રતિમાઓમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ

**પ્રાણપ્રતિષ્ઠા** કરીને લાખો ભક્તોના **ઉપાસ્ય સ્વરૂપ** બનાવ્યા છે. અર્થાત્ આપની અનેક ચિત્રપ્રતિમાઓમાં સાક્ષાત પરબ્રહ્મ **ભગવાન શ્રીહરિ**નો અર્ચાસ્વરૂપે **પ્રાદુર્ભાવ** થયો છે.

ચિત્રકાર શ્રી અરવિંદભાઈનું **કલાપ્રત્યેનું સમર્પણ** અનેક ઊગતા ભાવિકલાકારો તેમજ માનવ સમાજને ચિરકાળ પર્યંત **આદર્શરૂપ** બની રહે એવું **અદ્વિતીય** છે. તેઓએ વિદેશની ધરતી પર જઈને પોતાની કલા પ્રદર્શિત કરીને ભારત દેશનું ગૌરવ વધાર્યું છે. અને તેથી જ તેઓની ચિત્રકલાથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી અરવિંદભાઈ ઠુમ્મરનું **'ચિત્રકલા રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## કર્મકાંડ રત્નાકર

**શ્રી ભગવતભાઈ શુક્લ** (ચિત્રકાર)



શ્રી ભગવતભાઈ સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિખરબધ્ધ મંદિરો તથા હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા તથા મોટા મોટા મહોત્સવ પ્રસંગે યજ્ઞો તથા મહાપૂજા યજ્ઞો આદિ કર્મકાંડના મુખ્ય આચાર્યપદે રહી યશભોક્તા રહ્યા છે. જેથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા બ્રહ્મનિષ્ઠ પૂ. સંતો તથા હરિભક્તોનો ખૂબજ **રાજીપો** અને **પ્રશંસા** પ્રાપ્ત કરી છે, તેનાથી હર્ષાન્વિત થઈને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** શ્રી ભગવતભાઈ શુકલનું **'કર્મકાંડ રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

## સમાજસેવા રત્નાકર

નિ:સ્વાર્થભાવે સમાજમાં સેવા અને સંસ્કારની પ્રવૃત્તિ કરનારી સંસ્થાઓના સત્કાર્યોની કદર કરી તેમને પ્રોત્સાહિત કરવા અને તેના દ્વારા સહુને સત્પ્રેરણાનો સ્રોત પ્રાપ્ત થાય તેવા હેતુસર સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પ્રસ્થાપિત પરંપરાને અનુસરી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠાધીશ્વર પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય ચૂડામણી શ્રી અજેન્દ્રપ્રસાદજી શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન - વડતાલ** દ્વારા અનેક સામાજિક સંસ્થાઓને **'સમાજસેવા રત્નાકર'** પદવીથી સન્માનિત કરતા હર્ષની લાગણી અનુભવે છે.

### **માનવ પરિવાર ટ્રસ્ટ પીપરલા – શ્રી રાજેશભાઈ વઘાસિયા** (સ્થાપકશ્રી)



જન્મજાત પાગલ બહુ ઓછા હોય છે, પરંતુ વિકટ પરિસ્થિતિ માણસને પાગલ બનાવી દે છે. એવા વ્યક્તિઓને જો સમયસર અને નિયમિત હૂંફ-પ્રેમ મળે તો તેઓ ફરી સ્વસ્થ થઈ શકે છે. આ **'માનવ પરિવાર ટ્રસ્ટ'** સંસ્થાએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન એવા ઘણાં મંદબુદ્ધિ પાગલોને **સ્વસ્થજીવન** અર્પણ કર્યું છે.

આજે લોકો પોતાનાં માતા-પિતાની પણ **સેવા** કરતા નથી, જ્યારે આ **સંસ્થા** કેવળ માનવતાના નાતે રસ્તે નિરાધાર રખડતા મંદબુદ્ધિ વ્યક્તિઓને શોધી, સંસ્થામાં લાવી ખવડાવવું, પિવડાવવું, નવરાવવું વગેરે જીવન જરૂરિયાતની તમામ સેવા પૂરી પાડે છે. સમાજમાં સેવાભાવી સંસ્થાઓ તો ઘણી છે. તેને સેવા સ્વીકારનાર વર્ગ તરફથી આદર-સત્કાર, માન-સન્માન વગેરે મળતા હોય છે. જેથી સેવા કરવામાં ઉત્સાહ વધતો રહે પરંતુ મંદબુદ્ધિના લોકો તો ગમે તેટલી તેની સેવા કરો તોપણ જરાય પ્રતિભાવ આપતા હોતા નથી. તેમ છતાં પણ આવી નિરપેક્ષ **સેવા પ્રવૃત્તિ** શ્રી રાજેશભાઈ તથા તેની ટીમ ઉત્સાહથી કરી રહ્યા છે. તે ખરેખર ખૂબજ **સરાહનીય** છે.

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ મંદબુદ્ધિના સાત પીડિત નિરાધાર માનવીઓથી ફક્ત ૩૦ વર્ષના નવયુવાન શ્રી રાજેશભાઈ વઘાસિયા દ્વારા સ્થાપિત થયેલા માનવ પરિવાર ટ્રસ્ટ સંચાલિત આશ્રમમાં આજે ૩૫૦ જેટલા બિનવારસી મંદબુદ્ધિ વ્યક્તિઓ આશરો લઈ રહેલ છે. બુદ્ધિહીન નિરાધાર માનવીઓને પેટનો ખાડો પૂરવા ટંકે રોટલો અને રહેવાને ઓટલો આપતી આ નિ:સ્વાર્થ સંસ્થાના આવા માનવસેવાના કાર્યના મહામૂલા પ્રદાન બદલ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** ખૂબજ **ગૌરવ** અનુભવે છે.

## સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા ટ્રસ્ટ હોસ્પિટલ ટીંબી – શ્રી ખીમજીભાઈ (પ્રમુખશ્રી)




બ્રહ્મલીન પરિવ્રાજક પૂજ્ય સ્વામી શ્રી નિર્દોષાનંદજી સરસ્વતી મહારાજની પુનિત પ્રેરણા અને આશીર્વાદથી ચાલી રહેલી આ હોસ્પિટલ ખરેખર દર્દીઓ અને દરિદ્રો માટે આશીર્વાદરૂપ છે. કારણ કે, આ હોસ્પિટલમાં નિદાન, લેબોરેટરી ટેસ્ટ, એક્સ-રે, સોનોગ્રાફી, કાર્ડીયાગ્રામ, ઓપરેશનો, દવાઓ તેમજ દર્દી તથા તેની સાથે આવેલા પરિવારજનોને રહેવા-જમવાનું વગેરે તમામ પ્રકારની આધુનિક સુવિધાઓથી સભર તદ્દન નિઃશુલ્ક જ આપવામાં આવે છે.

હોસ્પિટલ શરૂ થઈ તેના પાંચ જ વર્ષમાં ૫, ૯૨, ૦૦૦થી વધુ દર્દીઓને સારવાર તેમજ ૧૩,૩૦૦ ઉપરાંત સફળ ઓપરેશનો થયાં છે. હાલ અહીં દરરોજ ૧ હજાર જેટલા દર્દીઓની ઓ.પી.ડી. સારવાર તથા ૪૦ થી ૪૫ જેટલાં ઓપરેશનો થાય છે. તે તમામ દર્દીઓને દરરોજ ગીરગાયનું દૂધ આપવામાં આવે છે. દર મહિને ૯૦થી વધુ પ્રસૂતિ તથા ૧૨૫ જેટલા મોતિયાનાં ઓપરેશનો કરવામાં આવે છે. તેમજ દર મહિને ૨૫,૦૦૦થી વધારે દર્દીઓ તથા અન્ય ભોજનાર્થીઓને વિનામૂલ્ય ભોજન આપવામાં આવે છે.

વળી, આ સંસ્થા દ્વારા આસપાસના ગામોમાં પ્રસૂતિ પહેલા શારીરિક રીતે નબળા, પોષણયુક્ત ખોરાકની ખામીવાળા જરૂરિયાતમંદ સગર્ભા મહિલાઓને ચોખ્ખા ઘીમાં બનાવેલ સુખડીનું વિતરણ કરવામાં આવે છે. તથા જરૂરિયાતમંદ પરિવારોને છાશ પણ આપવામાં આવે છે. આવી અનેક માનવસેવાના કાર્યના મહામૂલા પ્રદાન બદલ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** ખૂબજ **ગૌરવ** અનુભવે છે.

## શિશુવિહાર સંસ્થા ભાવનગર – શ્રી નાનકભાઈ ભટ્ટ (મેનેજીંગ ટ્રસ્ટીશ્રી)



શિશુવિહાર સંસ્થા - ભાવનગર એક શ્રેષ્ઠકક્ષાની સામાજિક **સેવાકીય સંસ્થા** છે. આ સંસ્થા દ્વારા છેલ્લા ૭૭ વર્ષથી સતત સામાજિક સેવા થઈ રહી છે. આ સંસ્થાના **સ્થાપક શ્રી માનભાઈ ભટ્ટ** સમાજકલ્યાણના **દીર્ઘદૃષ્ટા ઋષિ** હતા. તેઓ સંસ્કાર, શિસ્ત અને નિઃસ્વાર્થ સેવાભાવના સભર પોતાના ચારિત્ર્યથી સમાજને બહુ **મોટો સંદેશ** આપી ગયા. આ શિશુવિહારસંસ્થાના વિકાસ માટે શ્રી માનભાઈએ પોતાની જાતનો તથા સારાયે કુટુંબજીવનનો **સંપૂર્ણ ભોગ** આપ્યો છે. જે ખૂબજ સરાહનીય છે.

આ 'શિશુવિહાર સંસ્થા' બાલમંદિર, ક્રીડાંગણ, બાળપુસ્તકાલય, વાલીપ્રશિક્ષણ, રમકડાંઘર, નોલેજ પાર્ક વગેરે પ્રવૃત્તિઓ દ્વારા બાળકેળવણીનું કાર્ય સન ૧૯૩૯થી કરી રહી છે. બાળકોને શારીરિક, માનસિક, બૌદ્ધિક સામાજિક અને ભાવાત્મક વિકાસની તકો અને વાતાવરણ પૂરાં પાડે છે. આમ માનવસમાજમાં શ્રેષ્ઠ ચારિત્ર્ય ઘડતર અને શ્રેષ્ઠ નાગરિકતા માટે આ સંસ્થા **કાર્યરત** છે.

